ગાંધીનગર સમાચાર , પાના નંબર :- ૦૮

તારીખ :- ૨૫/૧૦/૨૦૨૩

# ખેલૈયાઓ માટે ખુશખબર : નવરાત્રિમાં રાત્રે ૨ વાગ્યા સુધી દોડશે મેટ્રો ટ્રેન

## ગરબા રમવા જતા લોકો માટે GMRC દ્વારા નિર્ણય લેવાયો

**ગાંધીનગર સમાચાર**

ગાંધીનગર, તા. ૧૪

નવરાત્રિ દરમિયાન ગરબા રમવા જતા લોકોની સુવિધા માટે અમદાવાદ મેટ્રો રેલ કોર્પોરેશન (GMRC) દ્વારા મેટ્રો ટ્રેનના સંચાલનનો સમય લંબાવવામાં આવ્યો છે. હાલમાં અમદાવાદમાં મેટ્રો ટ્રેન સેવા સવારે ૬:૨૦ વાગ્યાથી રાત્રે ૧૧:૦૦ વાગ્યા સુધી કાર્યરત છે. જો કે, નવરાત્રિના તહેવારને ધ્યાનમાં રાખીને ૧૪ ઓક્ટોબરથી ૧૯ ઓક્ટોબર સુધી મેટ્રો ટ્રેનનો સમય રાત્રે ૧૧ વાગ્યાથી વધારીને મધરાતના ૨ વાગ્યા સુધી કરાયો છે. આ નિર્ણયથી મોડી રાત સુધી ગરબા રમતા લોકો તેમજ અન્ય પેસેન્જરોને ઘરે પરત ફરવા માટે મેટ્રોની સુવિધા મળશે. GMRC દ્વારા જાહેર કરાયેલા સમયપત્રક મુજબ અલગ-અલગ રૂટ પર નિર્ધારિત સમયાંતરે ટ્રેનો દોડશે.

### કયા રૂટ પર છેલ્લી મેટ્રો ક્યારે મળશે?

**APMCથી સેક્ટર-૧; સમયાંતર - દર ૬૦ મિનિટે ટ્રેન**

APMCથી સેક્ટર-૧ તરફ છેલ્લી મેટ્રો રાત્રે ૧૨:૪૪ વાગ્યે ઉપડશે

સેક્ટર-૧થી APMC તરફ છેલ્લી મેટ્રો રાત્રે ૧૨:૩૮ વાગ્યે ઉપડશે

**વસ્ત્રાલ ગામથી થલતેજ ગામ; સમયાંતર - દર ૩૦ મિનિટે ટ્રેન**

વસ્ત્રાલ ગામથી થલતેજ ગામ છેલ્લી મેટ્રો રાત્રે ૨:૦૦ વાગ્યે ઉપડશે

થલતેજ ગામથી વસ્ત્રાલ ગામ છેલ્લી મેટ્રો રાત્રે ૨:૧૨ વાગ્યે ઉપડશે

આ રૂટ પર રાત્રે ૧૧:૩૦ વાગ્યાથી મધરાત બાદ ૨ વાગ્યા સુધીના સમય દરમિયાન મેટ્રો ટ્રેનોનું દર ૩૦ મિનિટે સંચાલન થશે

**APMCથી કોટેશ્વર રોડ; સમયાંતર - દર ૩૦ મિનિટે ટ્રેન**

APMCથી કોટેશ્વર રોડ તરફ છેલ્લી મેટ્રો રાત્રે ૨:૧૪ વાગ્યે ઉપડશે

કોટેશ્વર રોડથી એપીએમસી છેલ્લી મેટ્રો રાત્રે ૨:૦૭ વાગ્યે ઉપડશે

મેટ્રોના લંબાવાયેલા સંચાલન સમય દરમિયાન પેસેન્જરો માટે રૂ. ૫૦ની સ્પેશિયલ પેપર ટિકિટ ઉપલબ્ધ રહેશે.